# અમદાવાદ 45 ડિગ્રી તાપમાનમાં શેકાયું

**પાટણ,** રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબીમાં યલો એલર્ટ સાથે લૂ ફૂંકાશે

**દરિયા કાંઠાના** વિસ્તારોમાં બફારાની સ્થિતિ જોવા મળશે

### આગામી દિવસોમાં રાહત ક્યારે?

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં તાપમાન 41 થી 45 ડિગ્રી વચ્ચે રહેશે. જોકે, ત્યારબાદના 4 દિવસો દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે, જે પ્રજાજનોને ગરમીથી થોડી રાહત અપાવી શકે છે.છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં હવામાન સૂકું રહ્યું હતું. દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જુનાગઢ (કેશોદ) અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં હીટવેવ જેવી પરિસ્થિતિઓ જોવા મળી હતી. દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો, જ્યારે બાકીના વિસ્તારોમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગાહી મુજબ આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન આશરે 44 ડિ.સે. રહેવાની શક્યતા છે.ગરમીના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકોને બપોરના સમયે બહાર જવાનું ટાળવા, પૂરતું પાણી પીવાનું અને આરોગ્યની ખાસ કાળજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

### આજે કચ્છમાં ઓરેન્જ એલર્ટ

હવામાન વિભાગે આગામી દિવસો માટે ગંભીર ચેતવણી જાહેર કરી છે. 28 એપ્રિલે કચ્છ જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં હીટવેવની તીવ્ર સ્થિતિ રહેવાની શક્યતા છે. આ ઉપરાંત, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબીમાં યલો એલર્ટ સાથે લૂ (Heat wave) ફૂંકાવાની આગાહી છે. જ્યારે 29 એપ્રિલે પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે, જેના માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ (Hot & Humid) રહેવાના કારણે બફારો વધશે.



અમદાવાદ : રાજ્યમાં ઉનાળો હવે તેના આકરા મિજાજ પર છે. છેલ્લા 24 કલાકમાં ગુજરાતના અનેક શહેરોમાં તાપમાનનો પારો 44 ડિગ્રીને પાર કરી ગયો છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમદાવાદ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીની સ્થિતિ અત્યંત ગંભીર બની છે, જેમાં અમદાવાદ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. આ ઉપરાંત ભુજ, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં પણ પારો 44 ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જ્યારે વડોદરા, ડીસા અને કેશોદમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય ભાગો જેવા કે સુરત, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી ગરમી નોંધાઈ છે. બીજી તરફ, કિનારાના વિસ્તારોમાં પ્રમાણમાં ઓછું તાપમાન જોવા મળ્યું છે, જેમાં પોરબંદર અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી તેમજ દમણ અને મહુવામાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. સમગ્ર રાજ્યમાં આકરી લૂ અને કાળઝાળ ગરમીના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.અમદાવાદમાં આજે તાપમાન 45 ડિગ્રીએ પહોંચતા લોકોએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. આગામી 24 કલાકમાં પણ શહેરનું તાપમાન 44 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા લોકોને બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવાની સલાહ આપવામાં આવી છે.

# 1લી મેએ સુરતમાં 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'

**ટેક્સટાઇલ્સ**, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ તથા ટુરિઝમ સેક્ટર પર ફોકસ

ગાંધીનગર : રાજય સરકાર દ્વારા રાજયના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. સુરતમાં ઓરો યુનિ. ખાતે આગામી ૧ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન' (VGRE) અને 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) ની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રદર્શન આશરે 12,000 ચોરસ મીટર વિસ્તારમાં યોજાશે, જેમાં રોજ સવારે 10:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યા સુધી વિવિધ ઉદ્યોગો, MSME, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકોને એક મંચ પર લાવવામાં આવશે.અગાઉ રાજકોટમાં યોજાયેલી VGREમાં 450થી વધુ પ્રદર્શકો, જેમાં 160થી વધુ MSME, 60 જેટલા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સ તેમજ 62 હસ્તકલા કારીગરો અને 70 સરકારી વિભાગોના સ્ટોલ્સ સામેલ થયા હતા. જ્યારે મહેસાણા ખાતે યોજાયેલી ઉત્તર ગુજરાતની એક્ઝિબિશનમાં 410થી વધુ પ્રદર્શકો અને 80,000થી વધુ મુલાકાતીઓએ હાજરી આપી હતી.VGRE 2026 દરમિયાન રિવર્સ બાયર-સેલર મીટ, ઉદ્યમી મેળા અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવા કાર્યક્રમો યોજાશે, જે MSME, હસ્તકલા અને કુટિર ઉદ્યોગોને નવા બજારો સાથે જોડવામાં મદદરૂપ બનશે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે ૧૨,૦૦૦ ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં આ પ્રદર્શન યોજાશે.

એક્ઝિબિશનનો સમય ૧ થી ૫ મે, સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધીનો રહેશે. ગુજરાત સ્થાપના દિવસના અવસરે ૧ અને ૨ મેના રોજ કોન્ફોરન્સ યોજાશે.

આ પરિષદમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય ઉદ્યોગો જેવા કે ટેક્સટાઇલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ તથા ટુરિઝમ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અગ્રણી કંપનીઓ અને રોકાણકારોની ભાગીદારી દ્વારા આ પ્રદેશમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને નવી રોજગારીની તકો ઊભી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે.

# નીટ યુજી એડમિટ કાર્ડ જાહેર થતાં જ વેબસાઈટ ક્રેશ થઈ

**3 મેની** પરીક્ષા પૂર્વે એનટીએની સૂચનાઓ જાહેર

**ટેલિ-**માનસ હેલ્પલાઈન પણ શરૂ

સુરતઃ આગામી 3 મેના રોજ યોજાનારી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET UG માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા એડમિટ કાર્ડ જાહેર કરવામાં આવ્યા છે. જોકે એડમિટ કાર્ડ ઉપલબ્ધ થતા જ ટેકનિકલ ખામીના કારણે વેબસાઈટ યોગ્ય રીતે કાર્ય કરતી ન હોવાને કારણે દેશભરના વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

દેશની પ્રતિષ્ઠિત પરીક્ષા હવે નજીક આવી રહી હોવાથી લાખો વિદ્યાર્થીઓ અંતિમ તૈયારીમાં વ્યસ્ત છે. એનટીએ દ્વારા ઓનલાઈન જાહેર કરાયેલા એડમિટ કાર્ડમાં પરીક્ષા કેન્દ્ર, તારીખ અને સમય સહિતની તમામ જરૂરી વિગતો આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. પરીક્ષા સંબંધી માર્ગદર્શિકાઓ અનુસાર, ઉમેદવારોએ પરીક્ષા દિવસે નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા એક કલાક પહેલાં કેન્દ્ર પર હાજર રહેવું જરૂરી રહેશે. કેન્દ્રમાં પ્રવેશ માટે એડમિટ કાર્ડ સાથે માન્ય ઓળખપત્ર લાવવું ફરજિયાત રાખવામાં આવ્યું છે. સાથે જ મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ સહિતના ઇલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉમેદવારોને માત્ર પેન અને જરૂરી દસ્તાવેજો સાથે જ પ્રવેશ મળશે. ઉલ્લેખનીય છે કે રવિવારે મોડી રાત્રે એડમિટ કાર્ડ જાહેર થયા બાદ ભારે ટ્રાફિકને કારણે વેબસાઈટ ખૂલવામાં તકલીફ પડી હતી, જેના કારણે અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓએ હેરાનગતિનો સામનો કર્યો હતો. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એજન્સી દ્વારા પરીક્ષા પૂર્વે "ટેલિ-માનસ" મેન્ટલ હેલ્થ હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન પર ૧૪ ભાષાઓમાં કાઉન્સેલિંગ સુવિધા ઉપલબ્ધ છે, જેથી પરીક્ષાનો તણાવ અનુભવી રહેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી

# ધો.10 અને 12ના પરિણામ મે મહિનામાં જાહેર થશે

**15 લાખથી** વધુ વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યા છે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાના પરિણામો આગામી મે મહિનામાં તબક્કાવાર જાહેર કરવામાં આવે તેવી શક્યતા જણાય છે. રાજ્યના અંદાજે 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ જે પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, હવે ટૂંક સમયમાંઆ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે. જોકે બોર્ડ દ્વારા હજુ સત્તાવાર જાહેર કરવામાં આવી નથી.

આ અંગે ટોચના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની પરીક્ષાના પરિણામની લગભગ તમામ તૈયારી પૂર્ણતાના આરે છે.

મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ થવાના થઈ છે. તેવા હવે ટૂંક સમયમાં એટલે કે મે માસના પ્રારંભથી બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થશે. દર વર્ષની માફક આ વખતે પણ પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

આ ઉપરાંત SMS દ્વારા પણ પરિણામ જાણવાની વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવનાર છે. ધોરણ 10- 12ની પરીક્ષાના પરિણામ અંગે ચોક્કસ તારીખ બોર્ડ દ્વારા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

### સુરતમાં રોજ પૃથ્વીના બે ચક્કર લગાવી શકાય તેટલું કાપડનું ઉત્પાદન

# સુરત કાપડ ઉત્પાદનનું પાવરહાઉસ 1.5 લાખ કરોડનું વાર્ષિક ટર્નઓવર

**દક્ષિણ** ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ગુજરાતના ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથનું એન્જિન

**ગુજરાતના** કુલ DGPમાં 25 ટકાથી વધુનો હિસ્સો

**સુરતનું** નીટેડ ફેબ્રિક US, ઈઝરાયેલ અને ન્યુઝીલેન્ડ જેવા વિકસિત દેશોમાં પહોંચ્યું

### ટેક્સટાઈલ પોલિસી હેઠળ સુરતના ઉદ્યોગોને સબસિડીનું પ્રોત્સાહન

ગુજરાત ટેક્સટાઈલ પોલિસી- ૨૦૧૯ અંતર્ગત સુરત જિલ્લાના ઉદ્યોગોને અભૂતપૂર્વ વેગ મળ્યો છે, જેમાં અત્યાર સુધીમાં કુલ રૂપિયા ૨૩૨૫.૮૭ કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે. આ પોલિસી હેઠળ નવા અને વિસ્તરણ પામતા એકમોને ૬ ટકા સુધીની વ્યાજ સહાય, વિવિંગ અને નીટિંગ એકમોને વીજ બિલમાં પ્રતિ યુનિટ રૂપિયા ૨થી ૩ની રાહત તેમજ ટેક્નિકલ ટેક્સટાઈલ માટે મૂડી રોકાણ સહાય પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ટેક્સટાઈલ પાર્ક્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પર્યાવરણ સુરક્ષા માટે CETP પ્લાન્ટ્સ સ્થાપવા મોટી આર્થિક મદદ મળતા સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ વધુ આધુનિક, પ્રદૂષણમુક્ત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બન્યો છે.

સુરત : દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈ આપવા માટે આગામી તા. ૧લી અને ૨જી મે ૨૦૨૬ના રોજ સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે યોજાનાર 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)' મહત્વપૂર્ણ મંચ સાબિત થશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રયાસથી ટેક્સટાઈલ સહિતના મુખ્ય ઉદ્યોગ ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ આકર્ષાશે, વૈશ્વિક ખરીદદારો અને સ્થાનિક ઉત્પાદકો વચ્ચે સીધી જોડાણ ક્ષમતા વધશે તેમજ નવી ટેક્નોલોજી અને ઈનોવેશનના આદાન-પ્રદાનથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળશે.

સુરતને 'સિલ્ક સિટી'નું બિરૂદ મળવા પાછળ એક સમૃદ્ધ ઈતિહાસ છે. સદીઓ પહેલા સુરત બંદરથી રેશમી કાપડનો વેપાર આરબ અને યુરોપના દેશોમાં થતો હતો. સુરતે રિયલ સિલ્કની સાથે મેન-મેડ ફાઈબર (MMF) એટલે કે આર્ટ-સિલ્કમાં મહારત હાંસલ કરી છે. ભારતમાં બનતા કુલ આર્ટિફિશિયલ સિલ્કનું ૯૦ ટકા ઉત્પાદન એકલું સુરત કરે છે, સિલ્કમાં સુરતની વ્યાપારી કુશળતા 'સિલ્ક સિટી'થી ખ્યાતનામ બન્યું છે. સુરતની ગલી-કૂંચીઓમાં જરી અને કોટનના લઘુ ઉદ્યોગથી થયેલી શરૂઆત આજે આધુનિક ટેક્નોલોજી અને કુશળ કાપડ ઉદ્યોગકારોના કારણે વૈશ્વિક ફલક પર વિસ્તર્યો છે.

સુરતમાં ટેક્સટાઈલ ઉદ્યોગ તે આજે વાર્ષિક દોઢ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે અને દેશના ખૂણેખૂણેથી ઉદ્યોગપતિઓ માટે રોકાણની પ્રથમ પસંદગી બન્યું છે. હાલમાં આ સેક્ટર અંદાજિત ૧૮થી ૨૦ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડી રહ્યું છે. સુરત અને દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ રાજ્યના GDPમાં ૨૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. એટલે જ દક્ષિણ ગુજરાતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથનું એન્જિન છે. વિશ્વના કુલ કાપડ ઉત્પાદનમાં ૩૦ ટકા અને મેન-મેડ ફાઈબર ક્ષેત્રે ભારતનો ૬૫ ટકા હિસ્સો એકલા સુરતનો છે. સરળ શબ્દોમાં કહીએ તો દરરોજ પૃથ્વીના બે ચક્કર લગાવી શકાય તેટલું એટલે કે ૬ કરોડ મીટર કાપડનું ઉત્પાદન થાય છે. સુરતમાં ધમધમતા ૬૦૦થી વધુ પ્રોસેસ હાઉસ અને લાખો પાવરલૂમ્સને કારણે સુરત સાડીઓથી લઈને દેશના તિરંગા અને હાઈ-એન્ડ ફેશન ગારમેન્ટ્સનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની વ્યાપકતા તેની મજબૂત સપ્લાય ચેઈન અને આધુનિક ઉત્પાદન ક્ષમતામાં રહેલી છે. અહીંની માર્કેટોમાંથી ૫૦૦થી વધુ ટ્રાન્સપોર્ટરો દ્વારા દરરોજ લાખો પાર્સલ રોડ, રેલવે અને એર કાર્ગો મારફતે વિશ્વભરમાં મોકલવામાં આવે છે.

સ્પિનિંગથી લઈને નીટિંગ સુધીની વેલ્યુ ચેઈનમાં ગુજરાત અને સુરત આજે ૯૦ ટકા MMF (મેન-મેડ ફાઈબર) કાપડનું ઉત્પાદન કરે છે. સુરતનું નીટેડ ફેબ્રિક વૈશ્વિક ફલક પર ચમકી રહ્યું છે. અમેરિકા, ઈઝરાયેલ અને ન્યુઝીલેન્ડ જેવા વિકસિત દેશો સુરતના નીટેડ ફેબ્રિક (ટેક્નિકલ ટેક્સટાઈલ્સ)ના મુરીદ (ચાહક) છે. આ ઉપરાંત, સુરતમાં બનેલી સ્પોર્ટ્સ જર્સીની ઓલિમ્પિક અને IPL જેવી વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓમાં પણ ભારે માંગ રહે છે.

# સુરત આવકવેરા વિભાગમાં મોટા પાયે બદલીના ઓર્ડર

**અનેક** ITO અમદાવાદ ખસેડાયા, નવા અધિકારીઓને સુરતમાં પોસ્ટિંગ

સુરતઃ અમદાવાદ સ્થિત પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમટેક્સ, ગુજરાતએ આવકવેરા અધિકારીઓના મોટા પાયે ટ્રાન્સફર ઓર્ડર જાહેર કરવામાં આવ્યા છે. આ ઓર્ડર મુજબ સુરત આવકવેરા વિભાગમાં કાર્યરત અનેક ઈન્કમટેક્સ ઓફિસરોની બદલી કરીને અમદાવાદ સહિત અન્ય શહેરોમાં મુકવામાં આવ્યા છે, જ્યારે કેટલીક નવી નિમણૂકો સુરતમાં કરવામાં આવી છે. તેમજ સુરત- વાપી- વલસાડ વચ્ચે પણ બદલી કરવામાં આવી છે. કુલ ૨૦૯ અધિકારીઓની સાગમટે ટ્રાન્સફર કરવામાં આવી છે.

### DGIT (Investigation) માટે ખાસ પોસ્ટિંગ

સુરતઃ સુરતમાંથી કેટલાક અધિકારીઓને સીધા DGIT (Investigation) અમદાવાદ ખાતે મુકવામાં આવ્યા છે, જેને તપાસ વિભાગ મજબૂત બનાવવાનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.વિભાગીય સૂત્રો મુજબ આ ટ્રાન્સફર ઓર્ડર આગામી એસેસમેન્ટ અને તપાસ પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે. ખાસ કરીને અમદાવાદ અને સુરત વચ્ચે અધિકારીઓનું રોટેશન વધારવામાં આવ્યું છે.

### સુરતમાંથી અમદાવાદ ખસેડાયેલા અધિકારીઓ

- સુમિત કુમાર ગર્ગ - ITO Ward 2(3)(6), સુરત થી ITO (AU)-3(1)(3), અમદાવાદ
- સમયસિંહ મીણા - સુરત થી ITO Ward 2(1)(2), અમદાવાદ
- અભય કુમાર શ્રીવાસ્તવ - ITO (AU)-1(1)(4), સુરત થી સુરેન્દ્રનગર
- રૂપા શંકર પ્રસાદ - ITO (VU)-1(3)(2), સુરત થી ગાંધીનગર
- કોલા ચંન્દ્રાખર- ITO (AU)-1(4)(3) સુરત થી વલસાડ
- રોહિતકુમાર- ITO (AU)-1(1)(3) સુરત થી નવસારી
- મિત્યુંજયકુમાર સીંગ-ITO (AU)-1(1)(6) સુરત થી જામનગર
- આબીદકાદરી-ITO (AU)-1(1)(3) સુરત થી વડોદરા
- મનીસકુમારને જામનગર અને શાંતિપકાશને નવસારી
- મનીશ પોખરીયા-ITO (AU)સુરત થી વલસાડ
- અનિમેશ સ્વામી - સુરત થી DGIT (Investigation), અમદાવાદ
- સંદીપકુમાર-ITO સુરત થી ગાંધીધામ
- જાવેદ મહમંદ-ITO (AU)સુરત થી વડોદરા
- રાજેશકુમાર-ITO સુરત થી વડોદરા

### સુરતમાં નવા અધિકારીઓની એન્ટ્રી

- એમ.જે.યુ. ભાસ્કર - ભાવનગર થી ITO Ward 3(2)(1), સુરત
- રાજીવ નાયર-ભાવનગર થી સુરત
- અનીતા સોલંકી- અમદાવાદ થી સુરત
- એસ.તિવારી- અમદાવાદ થી સુરત
- સુનીલકુમાર- વડોદરાથી સુરત
- સંજીવ નવલ - વડોદરા થી સુરત
- અમર નારાયણ - અમદાવાદ થી સુરત
- રાકેશ મેહરા - વલસાડ થી સુરત
- સુનિલ કુમાર - વડોદરા સુરત. જ્યારે વિજય કુમારને સુરતથી નવસારી
- પ્રવીણ કુમાર યાદવ - સુરતથી સુરેન્દ્રનગર

### સુરતના ITO સુમિત કુમાર ગર્ગની બદલી વધુ ચર્ચાસ્પદ

સુરતઃ સુરત ઈન્કમટેક્ષ વિભાગનાં Ward 2(3)(6)માં ફરજ બજાવતા સુમિત કુમાર ગર્ગને અમદાવાદ ખાતે ITO (AU)-3માં મુકાયા છે. સુરતના એસેસમેન્ટ સર્કલમાં તેમની બદલી ચર્ચાનો વિષય બની છે.

# સુરત RPFએ રીઢા મોબાઈલ ચોરને ઝડપી લીધો

સુરતઃ દહાણુરોડ વડોદરા શટલના જનરલ કોચમાં ચઢવા માટે મુસાફરો ની ભારે ભીડ જામી હતી. આ ભીડનો લાભ ઉઠાવી એક શખ્સે એક મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ સેરવી લીધો હતો અને પ્લેટફોર્મ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. SIPF વિનય દુબે, ASI ભગવાન ગિધર અને CPDS સ્ટાફના હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ કુમાર તેમજ મનોજ કુમારે પકડી લીધો હતો. આરોપીનું નામ વાહિદ ઉર્ફે દાનિશ નૂર મોહમ્મદ દેશમુખ ( રહે. લિંબાયત) હોવાનું જાણવા મળે છે તેની પાસેથી પોલીસે ૨૯,૦૦૦નો મોબાઈલ કબજે લીધો છે.

# બાંદ્રા ટર્મિનસ-અજમેર સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા

**ઉનાળુ** વેકેશનમાં પ્રવાસીઓના ધસારાને પહોંચી વળવા પશ્ચિમ રેલવેનો નિર્ણય

### આ ટ્રેનોના ફેરા લંબાવાયા

1 ટ્રેન નંબર 09622 (બાંદ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક સ્પેશિયલ): આ ટ્રેન હવે 4 મેથી 01 જૂન, 2026 સુધી કાર્યરત રહેશે. જે દર સોમવારે બાંદ્રાથી રવાના થાય છે. 2 ટ્રેન નંબર 09621 (અજમેર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ): આ ટ્રેન હવે 3 મેથી 31 મે, 2026 સુધી દોડશે. જે દર રવિવારે અજમેરથી મુંબઈ માટે ઉપડશે.

સુરતઃ ઉનાળાની રજાઓમાં વતન કે પ્રવાસન સ્થળોએ જનારા મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે દોડતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખાસ કરીને રાજસ્થાન તરફ જતા અને ત્યાંથી મુંબઈ આવતા હજારો પ્રવાસીઓને રાહત મળશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી મુજબ, વધારાની ભીડને સમાયોજિત કરવાના હેતુથી આ સેવા વિસ્તૃત કરવામાં આવી છે. મુસાફરો માટે સૌથી મહત્ત્વના સમાચાર એ છે કે ટ્રેન નંબર 09622 ના વિસ્તૃત ફેરા માટેનું બુકિંગ આવતીકાલે એટલે કે 28 એપ્રિલ, 2026થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC ની સત્તાવાર વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### SMC નવા...

તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. સુરત મહાનગરપાલિકાના તમામ 30 વોર્ડની મતગણતરી આજે મંગળવાર 28મી એપ્રિલના રોજ સવારે 9 વાગ્યાથી મજુરાગેટ સ્થિત ગાંધી એન્જિનિયરિંગ કોલેજ ખાતે શરૂ થશે. મનપાના કુલ 483 ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. સૌરભ પારધીએ સ્થળ મુલાકાત લઈને તમામ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મતગણતરી પ્રક્રિયા નિર્વિઘ્ન અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો છે. મીડિયા, ઉમેદવારોના એજન્ટો અને અધિકારીઓ માટે અલગ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. દરેક સ્ટાફને પૂર્વ તાલીમ આપવામાં આવી છે જેથી પ્રક્રિયા ઝડપથી અને નિયમિત રીતે આગળ વધે.

### સુરતમાં કુલ...

ખાસ કરીને વોર્ડ નં. 23માં માત્ર 3 રાઉન્ડ હોવાથી અહીં સૌથી ઝડપથી મતગણતરી પૂર્ણ થવાની શક્યતા છે, જ્યારે વોર્ડ નં. 2માં 9 રાઉન્ડ હોવાથી સમય વધુ લાગી શકે છે. વોર્ડ નં. 14, 16 અને 17માં 18 ટેબલ સાથે 4 થી 5 રાઉન્ડ ગોઠવાયા છે, જેથી અહીં ગણતરી મધ્યમ ગતિએ આગળ વધશે. વોર્ડ નં. 3, 5, 6, 19, 26, 27, 21, 22 અને 29માં 16 ટેબલ સાથે 4થી 9 રાઉન્ડ છે. ખાસ કરીને વોર્ડ નં.3માં 9 રાઉન્ડ હોવાથી પ્રક્રિયા લાંબી ચાલવાની શક્યતા છે. બીજી તરફ વોર્ડ નં. 1, 4, 9, 11, 12, 13, 15, 18 અને 20માં માત્ર 14 ટેબલ ગોઠવાયા છે. આ વોર્ડમાં રાઉન્ડ 4થી 9 વચ્ચે છે, છતાં ટેબલ ઓછા હોવાથી દરેક રાઉન્ડ ઝડપથી પૂર્ણ થવાની સંભાવના છે. ખાસ કરીને વોર્ડ નં.13માં 9 રાઉન્ડ હોવા છતાં ગણતરી ઝડપી આગળ વધી શકે છે. આમ, સમગ્ર શહેરમાં ૫૦૪ ટેબલ અને ૧૭૬ રાઉન્ડના આ આયોજન મુજબ મતગણતરીના દિવસે વોર્ડવાર પરિણામોમાં સમયનો તફાવત જોવા મળશે. ઓછા ટેબલ ધરાવતા વોર્ડમાં રાઉન્ડ ઝડપથી પૂર્ણ થતાં પરિણામ વહેલા જાહેર થવાની શક્યતા છે, જ્યારે વધુ ટેબલ અને વધુ રાઉન્ડ ધરાવતા વિસ્તારોમાં અંતિમ પરિણામ માટે વધુ સમય લાગી શકે છે.

### વરાછામાં...

કેશિયર પાસે પહોંચી જઈ પિસ્તોલ બતાવી હતી. તમામ કર્મચારીઓને તેમજ બેંકમાં હાજર એકલદોકલ ગ્રાહકોને પિસ્તોલ બતાવી બંધક બનાવ્યા હતા. કોઇને પોતાની જગ્યાએથી ખસવા દીધા ન હતા. આમ કર્યા બાદ બેંકમાં જે રોકડ રકમ હતી તે એક બેગમાં અને વિમલના થેલામાં ભરી ગણતરીની સેકન્ડોમાં તમામ ત્યાંથી પલાયન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાંની સાથે જ વરાછા પોલીસ ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓ તેમજ ક્રાઇમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આરોપીને પકડી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. સમગ્ર શહેરમાં નાકાબંધી કરી આરોપીને પકડવાના પ્રયાસ ઉપરાંત સીસીટીવી કુટેજના આધારે પણ આરોપી સુધી પહોંચવા પોલીસે કામગીરી હાથ ધરી હતી.

મદદનીશ પોલીસ કમિશનર પી.કે. પટેલે કહ્યું હતું કે લૂંટારુઓ એક બાઇક પર જતા જોવા મળ્યા હતા. જેના આધારે તપાસ કરવામાં આવી રહી છે. વરાછા ઉપરાંત કાપોદ્રા, પૂણા અને અશ્વનિકુમાર પોલીસ મથકની ટીમો તેમજ ક્રાઇમ બ્રાંચની અલગ અલગ ટીમો પણ આરોપીને પકડી પાડવાના કામે લાગી છે. આધારભૂત સૂત્રોમાંથી સાંપડતી માહિતી મુજબ સીસીટીવી ફુટેજના આધારે પોલીસની એક ટીમ આરોપીઓ સુધી પોહંચવામાં સફળ થઈ ચૂકી છે. ટૂંક સમયમાં ગુનાનો ભેદ ઉકેલાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

### વૈશાખના આકરા...

જ્યાં સ્થિતિ વણસી હતી. મૃતક રાકેશ વસાવાના કૌટુંબિક ભાઈ રોશન વસાવાએ ધારાસભ્યની હાજરી સામે સખત વિરોધ નોંધાવતાં ગંભીર આક્ષેપો કર્યા હતા. રોશને આક્ષેપ કર્યો હતો કે, ધારાસભ્ય માત્ર રાજકીય રોટલા શેકવા અને પૈસા ઉઘરાવવા આવ્યા છે. અમે તેમને બોલાવ્યા નથી. પરિવારના સભ્યોએ સ્પષ્ટ કર્યું હતું કે કંપની વહીવટી તંત્ર સાથે તેમનું સુખદ સમાધાન થઈ ચૂક્યું છે, છતાં ધારાસભ્ય બિનજરૂરી રીતે વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે.

વિવાદ એટલો વધ્યો કે, ધારાસભ્ય અને મૃતકના પરિવારજનો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન ચૈતર વસાવાએ રોશન વસાવાને લાફો મારતાં મામલો બિચક્યો હતો, જેના વળતા જવાબમાં રોશને પણ ધારાસભ્ય પર હાથ ઉપાડ્યો હતો. વાત વણસતા ટોળામાંથી ધારાસભ્ય પર છૂટી લાકડી વડે પ્રહાર કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં લોકપ્રતિનિધિ અને ગ્રામજનો સામસામે આવી ગયા હોવાનું સ્પષ્ટ દેખાય છે.

પરિવારજનોએ ચીમકી આપી હતી કે જો વિસ્તારની શાંતિ ભંગ થશે તો તેના માટે ધારાસભ્ય જવાબદાર રહેશે. હાલમાં પોલીસ દ્વારા કોઈ સત્તાવાર ફરિયાદ નોંધવામાં આવી નથી, પરંતુ ઝઘડિયા અને આસપાસના પંથકમાં આ હિંસક ઝપાઝપી ચર્ચાનો વિષય બની છે.

### ચૈતર વસાવાનો...

પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે સ્પષ્ટ ચીમકી આપતાં કહ્યું કે જો 16 પીડિત પરિવારોને ન્યાય નહીં મળે, તો આગામી દિવસોમાં GIDCના તમામ કામદારો અને સ્થાનિક લોકોને સાથે રાખીને મોટું આંદોલન કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે આ માટે વહીવટી તંત્ર અને કંપનીનું મેનેજમેન્ટ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

### ચૈતર વસાવાએ...

અને હકારાત્મક રીતે સંવાદ હતો. રોશન વસાવાનો આરોપ છે કે જ્યારે કંપની અને પરિવાર વચ્ચે હકારાત્મક ચર્ચા ચાલી રહી હતી ત્યારે ચૈતર વસાવા ત્યાં પહોંચી ગયા. તેમણે જાણીજોઈને લોકોને ઉશ્કેરવાનું અને મેનેજરને બહાર કાઢવાની માંગ સાથે હોબાળો કરવાનું શરૂ કર્યો હતો. રોશન વસાવાએ વધુમાં ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી દિવસોમાં કંપનીમાં કે વિસ્તારમાં કોઈ પણ પ્રકારના હુલ્લડ થશે, નુકસાન થશે કે કોઈને ઈજા પહોંચશે તો તેની સંપૂર્ણ જવાબદારી ચૈતર વસાવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રોશન વસાવાએ એ પણ સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ રાજકીય પાર્ટી સાથે જોડાયેલા નથી.

### પ્રથમ ગ્રાસે...

જામ સર્જાયો હતો અને ગરમીમાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અંદાજે એક કલાક સુધી ગડમથલની સ્થિતિ યથાવત રહી હતી. બાદમાં પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. બસને બહાર કાઢવા માટે ઈસ્કોન ઇન્ફિનિટી મોલ પાસેના ભાગથી વૈકલ્પિક રસ્તો અપનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં આવેલું ઘટાદાર વૃક્ષ અવરોધરૂપ બન્યું હતું. અંતે ગાર્ડન વિભાગની ટીમને બોલાવી વૃક્ષની ડાળીઓ કાપવામાં આવી અને ત્યારબાદ બસને બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ સમગ્ર ઘટનાએ પાલિકાના આયોજન પર સવાલો ઊભા કર્યા છે. ટ્રાયલ રન પહેલાં રૂટની યોગ્ય તપાસ અને આયોજન કરવામાં આવ્યું હોત તો આવી પરિસ્થિતિ ટાળી શકાય તેમ હતું.

### શહેરમાં અસહ્ય...

તીવ્રતા ઓછી હોવા છતાં ભેજના કારણે રસ્તાઓ પર નીકળતા નાગરિકો પરેશાન બન્યા હતા. ખાસ કરીને બપોરના સમયમાં ઉકળાટનું પ્રમાણ વધુ રહેતા કામકાજમાં પણ અસર પડી હતી. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભેજયુક્ત વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત નહીં મળે તેવી સંભાવના છે. આરોગ્ય નિષ્ણાતોએ નાગરિકોને વધુ પાણી પીવા, બહાર જતાં સાવચેતી રાખવા અને તડકાથી બચવા માટે સલાહ આપી છે.

# સુરત આરપીએફ પોલીસે ઉત્તરપ્રદેશથી સુરત ભાગી આવેલી તરુણીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

સુરતઃ આજે વહેલી સવારે ૩:૩૦ કલાકે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 01 પર ચાઈલ્ડ હેલ્પલાઈન મેમ્બર ડામોર રિતલ અને મહિલા હેડ કોન્સ્ટેબલ રીટાસિંહ પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન એક સગીરા અત્યંત ગભરાયેલી હાલતમાં મળી આવી હતી. શંકા જતા તેને RPF પોસ્ટ પર લાવી મહિલા પોલીસ દ્વારા આત્મીયતાથી પૂછપરછ કરવામાં આવી હતી. સહાયક ઉપ નિરીક્ષક સુનિલ પાટીલ સમક્ષ કિશોરીએ પોતાની ઓળખ 16 વર્ષીય ફતેમાં શેખ (નામ બદલ્યું છે ) તરીકે આપી હતી. તેણી ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લા ના છનેરા લાલપુર ગામ ની હોવાનું બહાર આવ્યું હતું.સગીરાએ આપેલા તેના ભાઈ ઝુલ્ફીકાર ના મોબાઈલ નંબર પર સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, ફતેમાં ગત તારીખ ૨૦/૦૪/૨૦૨૬ થી ઘરેથી ગુમ હતી. મહિલા હેડ કોન્સ્ટેબલ દક્ષા પટેલ અને ચાઈલ્ડ હેલ્પલાઈન મેમ્બર ખુશબુ દ્વારા સગીરાને સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઇ જવામાં આવી હતી. ત્યારબાદ તેની સુરક્ષા ને પ્રાધાન્ય આપી કાયદેસરની કાર્યવાહી બાદ રાંદેર સ્થિત 'ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ' ખાતે સુપરત કરવામાં આવી છે.